આજે આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

ભાવનાબેન ગોકલાણી દ્વારા આજે ૧લી એપ્રિલ-૨૦૧૨ને રવિવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન અશ્વિનભાઈ નીમાવત, પ્લોટ નં. ૪૨૪/૨, રાજપૂત ભવનની પાસે, સેક્ટર-૧૨-બી, ગાંધીનગર ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. માઈ ભક્તોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની આવતીકાલે બેઠક મળશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિ તથા સભ્યોની એક સભા, સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને તા. ૨ એપ્રિલ-૨૦૧૨ને સોમવારે સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. કાર્યવાહક સમિતિ તથા સભ્યોની બેઠકમાં સૌને અચૂક ઉપસ્થિત રહેવા માટે સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

જ્વેલર્સ એસોસિએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા જ્વેલર્સ એસોસિએશનના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે લાલજીભાઈ સોની, ઉપપ્રમુખ મોહનભાઈ સોની, મંત્રી તરીકે અલ્પેશ વ્યાસ, સહમંત્રી રાજુભાઈ કનુભાઈ સોની, વિપુલભાઈ કે. અમીન તેમજ લક્ષ્મણભાઈ કે. સોનીની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૫ જેટલા કારોબારી સભ્યોની પણ વરણી કરવામાં આવી છે.

આજે દહેગામ ખાતે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

શ્રી રામચંદ્ર ભગવાનના પાવન જન્મોત્સવ-રામનવમી નિમિત્તે આજે દિલીપ ગોસ્વામી અને બાલ કીર્તનકાર હિરલભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૧લી એપ્રિલ-૨૦૧૨ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે ગાયત્રી સોસાયટી, આઈ.ટી.આઈ. રોડ, દહેગામ ખાતે તથા બપોરે ૪ કલાકે બ્લોક નં. ૩૬, નટરાજ બંગ્લોઝ, ઉંટડિયા મહાદેવ રોડ, નિલકંઠ ફર્નિચરવાળાના નિવાસસ્થાને દહેગામ ખાતે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. ભક્તજનોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આજે ભીમનાથ ચોકડી ગામે રામજન્મોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે ભીમનાથ ચોકડી ગામે શિવકથાનું આયોજન થઈ રહ્યું છે. સાતમા દિવસે રામનવમીના પાવન પ્રસંગે રામ જન્મોત્સવનો ભવ્ય કાર્યક્રમ આજે કરવામાં આવશે. શિવ કથા શ્રવણની સાથે સાથે સંજયભારતી ગોસ્વામી આજે રામ નવમી નિમિત્તે શ્રી રામ જન્મોત્સવ કથાનું રસપાન કરાવશે. ભકિતભાવભર્યા કાર્યક્રમમાં સૌ ભકતજનોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

હાઈકોર્ટમાં મહાવીર જયંતિના દિવસે વધારાની રજા જાહેર

ગાંધીનગર, તા.૩૧

રાયની વડી અદાલતમાં તા. ૫ એપ્રિલ ૨૦૧૨ને ગુરૂવારના દિને મહાવીર જયંતિની વધારાની રજા જાહેર કરવામાં આવી છે. રાજયની હાઈકોર્ટ અને તેને સંલગ્ન કચેરીઓમાં આ રજા જાહેર કરવામાં આવી છે તેની સામે તા. ૧૬ જૂન, ૨૦૧૨ને શનિવારના રોજ હાઈકોર્ટ અને સંલગ્ન કચેરીઓમાં અદાલતનું કામકાજ ચાલુ રહેશે તેમ રજીસ્ટ્રાર જનરલની યાદીમાં જણાવાયું છે.

ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં વધારો : ઈડરમાં ૪૧.૬ ડિગ્રી

પાટનગર ગાંધીનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું

અમદાવાદ, તા.૩૧

રાજયભરમા તીવ્ર ગરમીનુ મોજુ શરૂ થઈ ગયુ છે. દિન પ્રતિ દિન ગરમીમાં વધારો થઈ રહ્યો છે. જેમાં અમદાવાદ સહિતના ઘણા વિસ્તારોન સમાવેશ થાય એ. એક બાજુ અમદાવાદમાં ગઈકાલે મહત્તમ તાપમાન ૩૯.૮ ડિગ્રી નોંધાયુહતુ જેની સરખામણીમાં આજે અમદાવાદમા આજે ૪૦ ડિગ્રી નોંધાયુ હતુ. રાજયમાં ઈડરમાં સૌથી વધુ ૪૧.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. આવી જ રીતે ગુજરાતના પાટનગર ગાધીનગરમાં ગઈકાલના ૩૯.૨ ડિગ્રીની સરખામણીમાં આજે ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ હતુ. સુરેન્દ્રનગરમાં ગઈકાલે ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ જે આજે વધીને ૪૧.૫ ડિગ્રી થઈ ગયુ હતુ. અમદાવાદ શહેરના બપોરના ગાળામા ગરમીનો પારો ઉચકાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. બપોરના ગાળામા તીવ્ર ગરમીનનો અનુભવ થઈ રહ્યો છે. લોકો ગરમીથી બચવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. રાત્રી તાપમાનમાં પણ વધારો થઈ રહ્યો છે. આજ કારણસર રાત્રે પણ પંખા અને એસી ચાલવા લાગી ગયા છે. જો કે વહેલી સવારે ઠંડક હોવાના લીધે લોકો રાહત અનુભવી રહ્યા છે. મોડી સાંજે વાતાવરણમાં ઠંડક પ્રવર્તતા જાહેરમાર્ગો અને બગીચામા લોકો ઉમટી રહ્યા છે. જોકે બપોરના ગાળામાં કામ વગર લોકો ઘરમાં જ પૂરાઈ રહેવાનુ પંસદ કરી રહ્યા છે.

ક્યા કેટલુ મહત્તમ તાપમાન

શહેર	મહત્તમ તાપમાન
ઈડર	૪૧.૬
સુરેન્દ્રનગર	૪૧.૫
ડીસા	૪૧.૨
ભૂજ	૪૧
રાજકોટ	૪૦.૯
ગાંધીનગર	૪૦
અમદાવાદ	૪૦
વડોદરા	૩૯

ગુજરાતની વિકાસયાત્રાને માતૃશકિતનું રક્ષાકવચ છે : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા.૩૧

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે અમદાવાદમાં યોજાયેલા વિશાળ મહિલા સંમેલનમાં ગુજરાતની નારીશકિતએ વિકાસમાં ભાગીદાર બનીને જે સિદ્ધિઓ વિવિધ ક્ષેત્રે પ્રાપ્ત કરી છે તે માટે રાજય સરકાર તરફથી અભિવાદન કરી પુરસ્કારો અને ઈનામો એનાયત કર્યા હતા.

નારી સશકિતકરણની પ્રતિબદ્ધતા વ્યકત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની માતૃશકિતના રક્ષાકવચથી ગુજરાતના વિકાસને અવિરત ગતિથી આગળ ધપાવવા તેમને સતત નવી તાકાત મળી રહી છે એમ જણાવ્યું હતું.

અમદાવાદ સહિત ગુજરાતભરમાં એકીસાથે યોજાયેલા ૨૫ જિલ્લાકક્ષાના આજના મહિલા સંમેલનોમાં મળીને કુલ ૧.૩૫ લાખ મહિલા બહેનોની નારીશકિત ઉપસ્થિત રહી હતી.

અમદાવાદમાં મુખ્ય મંત્રીશ્રીના હસ્તે અને જિલ્લા કક્ષાએ મંત્રીશ્રીઓના હસ્તે માતા યશોદા એવોર્ડ એકેંદરે ૨૨૫૪ આંગણવાડી કાર્યકર્તા બહેનોને કુલ રૂા. ૩.૮૧ કરોડના પુરસ્કારો આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજયનું નામ રાષ્ટ્રકક્ષાની ખેલકૂદ સ્પર્ધાઓમાં રોશન કરનારા ૧૩૯૦ મહિલા ખેલાડીઓને રૂા. ૬૧.૦૪ લાખના ઈનામો અને ૩૩૩૯ કન્યાઓને

શિક્ષણ અભ્યાસમાં પ્રોત્સાહન માટે રૂા. ૧૦૮ લાખના કન્યા કેળવણી નિધિના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

ચૈત્રી નવરાત્રિના શકિત ઉપાસનાના આ પર્વ દરમિયાન માતા યશોદારૂપે આંગણવાડી કાર્યકર્તા માતૃશકિતનું સન્માન કરવા સહિતના નારીશકિતના અભિવાદનના આ અવસરને ચતુર્ભૂજ સન્માન સમારોહ મુખ્ય મંત્રીશ્રીએ ગણાવ્યો હતો.

ગુજરાત સરકારના સ્પેસ ટેકનોલોજી નેટવર્કથી મુખ્ય મંત્રીશ્રીએ ૨૫ જિલ્લાઓમાં યોજાયેલા મહિલા સંમેલનોમાં સીધો સંવાદ કર્યો હતો.

મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર પણ એનાયત કર્યા હતા. જેમાં આ વર્ષે વ્યકિતગત રૂા. ૫૦,૦૦૦નો પુરસ્કાર શ્રીમતી પાલુબેન વાઘને (ભાલનલકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, અમદાવાદની કાર્યકર્તા બહેન) અને રાજકોટના મેડીકલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટને રૂા. એક લાખનો પુરસ્કાર મહિલા વિકાસ ક્ષેત્રે ઉત્તમ યોગદાન માટે આપવામાં આવેલ છે.

આંગણવાડીના માતા યશોદા પુરસ્કારો એનાયત કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આવતીકાલના ગુજરાતના શકિતશાળી નિર્માણમાં આજના બાળક અને એમાંય ગરીબ શ્રમયોગી કુટુંબોના બાળકોના લાલન-પાલન સંસ્કાર સિંચન માટે આંગણવાડીનું માધ્યમ જ એકમાત્ર સશકત છે પરંતુ દશ વર્ષ પહેલાં ગુજરાતમાં આંગણવાડી અને તેની કાર્યકર્તા બહેનની ઉપેક્ષા જ થતી હતી. આજે આંગણવાડી અને તેની કાર્યકર્તા બહેનની ગરિમા ગામમાં એવી બની છે જેની આગવી ઓળખ રાજય સરકારે આપેલા સાડી-ડ્રેસ યુનિફોર્મથી ઉભી થઈ ગઈ છે, એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

માતા યશોદા એવોર્ડની રકમ રૂા. ૫૧,૦૦૦ જેટલી ચી રાખી છે જે જિલ્લાના કલેકટરોને અપાતા ઈનામો કરતા પણ વધારે છે, એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

કોટેશ્વર પાસે પગપાળા જતી મહીલાના પાકીટની તફડંચી

પલ્સર બાઈક પર આવેલા બે ગઠીયાઓ પાકીટ ખેંચી પલાયન

ગાંધીનગર, તા.૩૧

કોટેશ્વર નજીક પગપાળા જતી મહિલાના ખભે લટકાવેલા પાકીટની અજાણ્યા બાઈકચાલકે તફડંચી કરી હોવાની ફરિયાદ અડાલજ પોલીસ ચોપડે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદમાં ગોપાલ પાર્ક એપાર્ટમેન્ટમાં લાડ સોસાયટી ખાતે એ-૧૪ નંબરના બ્લોકમાં રહેતા હરસન કોર વાઈફ ઓફ ઉપકારસીંગ બે દિવસ પૂર્વે સાંજે ૭ વાગ્યાના અરસામાં કોટેશ્વર ગામ નજીકથી પગપાળા પસાર થઈ રહ્યા હતા. આ વેળાએ પલ્સર બાઈક પર આવેલા બે અજાણયા ઈસમો તેમના ખભા પર લટકાવેલા પાકીટની તફડંચી કરી ફરાર થઈ ગયા હતા. પાકીટમાં ચાવીઓ ઉપરાંત કેડીટ કાર્ડ, પાસપોર્ટ સહિતના અગત્યના કાગળો ઉપરાંત બે મોબાઈલ ફોન હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ બનાવ સંદર્ભે તેમણે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા એ.એસ.આઈ. કનુભાઈએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત જાહેર સેવા આયોગની રૂ. ૧૯ લાખની આવક સામે ખર્ચ રૂ. ૫ કરોડ

ગાંધીનગર, તા. ૩૧

રાજય સરકારની વિવિધ સરકારી કચેરીઓની જરૂરીયાત અને માંગણી મુજબ વિવિધ સંવર્ગોની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા કરતી ગુજરાત જાહેર સેવા આયોગની આવક માત્ર ૧૯ લાખ ૩૧ હજાર છે જેની સામે ખર્ચ રૂ. પાંચ કરોડ ૯૯ લાખ ૬૮ હજાર છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજય સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૧-૨ની ભરતી માટેની પ્રક્રિયાની કામગીરી હાથ ધરવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષા અને ભરતી પ્રક્રિયા માટે આયોગ દ્વારા પરીક્ષા ફી અરજી ફી તથા માહિતી પુસ્તિકાનું વેચાણ કરવામાં આવે છે જેની આયોગને માત્ર રૂ. ૧૯,૩૧,૭૭૦ની જ આવક થાય છે.

જયારે ગુજરાત જાહેર સેવા આયોગનો ખર્ચ રૂ. ૫,૯૯,૬૮,૮૪ જેટલો છે. જેમાં સૌથી મોટો ખર્ચ અધિકારીઓ કર્મચારીઓના પગાર, વિવિધ ભત્થા ઉપરાંત પ્રકાશન ખર્ચ લીવ એનકેશમેન્ટ અને પેશગી માટેના ખર્ચનો સમાવેશ થાય છે.

એક વર્ષની કેદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની ચીફ. જયુ.મે.જી. કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ તરકે દિલીપસિંહ બી. વાઘેલાએ કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે આરોપી ચેક આપ્યા બાદ બેંકમાં સ્ટોપ પેમેન્ટ કરાવી દીધું હતું જયારે નોટીસ બાદ તેનો જવાબ પણ આપ્યો છે. દાગીના ખરીદી સંદર્ભેનું બીલ પણ મેળવ્યું છે. જયારે લેંણી રકમ માટે ચેક આપ્યો જે પરત થયો છે. દલીલોના અંતે જજ એમ.જી. રાવલજીએ આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સજા તેમજ રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

ગૃહિણીઓને રાહત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દળેલા તૈયાર મસાલાનો છે. જો આખો મસાલો લેવો હોય તો ભાવ આનાથી પણ નીચા છે. રાઈની કિંમતમાં સામાન્ય વધારો થયો છે.

ગયા વર્ષ કરતા આ વર્ષે ભાવોમાં ૨૦ ટકા જેટલો ઘટાડો હોવાથી ગૃહિણીઓ ખુશ છે. મોંઘવારી વચ્ચે પિસાઈ રહેલી ગૃહિણીઓ મસાલા ખરીદવામાં ઉત્સાહ દાખવી રહી છે. મસાલાની સિઝન તો હજુ હમણાં જ શરૂ થઈ છે. પરંતુ ભીડ તો અત્યારથી જ જામી રહી છે.બાળકોને હજૂ પરીક્ષાઓ ચાલી રહી છે. પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ ફ્રી થયેલી ગૃહિણીઓ મસાલા બજારોમાં વધુ ભીડ જમાવશે. અને ઘરાકી વધુ થશે તેવુ વેપારીઓ જણાવી રહ્યા છે.

પેટ્રોલની કિંમતમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી ચૂંટણી જીતવા માટે કટિબદ્ધ છે અને અત્યારથી જ સઘન પ્રયાસો શરુ કરી દીધા છે. આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી એકાએક નવી દિલ્હી પહોંચી ગયા હતા અને વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહને મળ્યા હતા. ત્યારબાદ ગાંધીનગર પરત આવીને તેમણે મોડી રાત્રે કેબિનેટની તાકીદની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં મોંઘવારીથી પિસાઈ રહેલી રાજ્યની છ કરોડની જનતાને રાહત આપવા માટે પેટ્રોલના ભાવમાં લીટરે રૂપિયા ૧ પનો ઘટાડો કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. પેટ્રોલ પર લેવાતો વેટ શુન્ય કરી દેવામાં આવતાં લીટરે રૂપિયા ૧ પનો ઘટાડો થતાં નાગરીકોને મોટી રાહત મળશે. કેબિનેટના આ નિર્ણયથી પ્રજામાં આનંદની લહેર ફરી વળી છે. આ નિર્ણયને કોંગ્રેસે વધાવી લીધો છે.

મહિલા કોંગ્રેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયોતિ મહિલા મંડળ સહિત અનેક સેવાભાવી સંસ્થાઓમાં પણ સક્રિય સેવાઓ આપી છે.

શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમાયેલા શ્રીમતી પ્રેમબા હાડા હાલ જિલ્લા ક્ષત્રિય સમાજની મહિલા પાંખ ઉપરાંત મહાગુજરાત ક્ષત્રિય સમાજ ગાંધીનગર એકમમાં પણ સક્રિય સેવાઓ આપી રહ્યા છે. તેઓ શહેરની જુદી જુદી મહિલા સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે. તેઓ એક અચ્છા સંગઠક હોવા ઉપરાંત સેવાભાવી કાર્યકર તરીકેની પણ છાપ ધરાવે છે.

આ નિમણુંકને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સંકલન સમિતિના ચેરમેન તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી જશુભા રાણા, ડૉ. સી.જે. ચાવડા, પંચાયત પ્રમુખ શ્રીમતી મંગીબેન દિલીપભાઈ પટેલ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રવકતા અશ્વિનભાઈ બારોટ, ગુ.પ્ર.કો. મહામંત્રીશ્રી નિશીતભાઈ વ્યાસ, ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્ય સર્વ શ્રી સુરેશભાઈ પટેલ, મહેન્દ્રસિંહ વાઘેલા, બાબુસિંહ ઠાકોર, શ્રી હરિભાઈ ચૌધરી, શ્રી ઈશ્વરસિંહ ચાવડા, શ્રી સૂર્યસિંહ ડાભી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ સર્વ શ્રી જુગાજી ઠાકોર, ગમાજી ઠાકોર, જગદીશભાઈ પટેલ, મહોબતસિંહ વાઘેલા, ચિમનભાઈ વિઝુંડા, અનિલભાઈ પરમાર તથા યુથ કોંગ્રેસ પ્રમુખ જયદીપ ઠાકોર સહિત જિલ્લા કોંગ્રેસના તમામ આગેવાનો તથા કાર્યકરોએ સહર્ષ આવકારી અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી હાર્દિક શુભેચ્છાઓ આપેલ છે.

સમરસ ગામોને

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં જે ૩૪ પંચાયતો સમરસ થઈ છે તેમાંથી ૧૨ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ થવા પામી છે. આ ઉપરાંત પાંચ મહિલા પંચાયતો પણ સમરસ થવા પામી છે. ગાંધીનગર જિલ્લામાં સમરસ થયેલ પંચાયતોને રૂ. ૮૯ લાખ સહાયિત અનુદાન પેટે સરકાર દ્વારા એનાયત કરવામાં આવશે.

જે ગ્રામ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ થઈ છે તેમાં કાકાનું તારાપુર, રણાસણ, ભીમપુરા, મકાખાડ, ફતેપુરા, હિંમતપુરા, આનંદપુર, વેલપુરા, શિવપુરા, ધણીયોલ, જેલાના મુવાડા અને અંતોલી ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

પીપળજ, રતનપુર, માધવગઢ, ગાંધીનગર તાલુકાની પંચાયતો પ્રથમવાર સમરસ થવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ પંચાયતોની ચૂંટણીના બીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે. ૧૫મી એપ્રિલે આ અંગે ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. જો કે કલોલ અને માણસામાં આ ચૂંટણીઓ યોજાઈ રહી છે.

જિલ્લામાં સમરસ થયેલ ગ્રામપંચાયતોના અનુદાનમાં રાજય સરકારે ગત વર્ષે જ વધારો કરવાના કરેલા નિર્ણયને પગલે રૂ. ૮૯ લાખ ૫૦ હજાર જેટલી મોટી રકમ જિલ્લાની પંચાયતોને મળશે. આ રકમ પંચાયતો તેમના વિકાસના કામો માટે વાપરી શકશે.

રાજય સરકાર દ્વારા સમરસ થયેલ પંચાયતોને સન્માનવા માટે ઝોનવાર કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. ઉત્તર ઝોનની પંચાયતોમાં સમરસ થયેલ પંચાયતોનું સન્માન ૭મી એપ્રિલે યોજાશે. આ માટેની તડામાર તૈયારીઓ હાલ ચાલી રહી છે.

સમાચાર ઝલક

- લીલીયાના ગામડામાં વાડીના કૂવામાંથી ૧૫ લાખનો દારૂ મળ્યો
- સુરેન્દ્રનગરમાં ભૂકંપના ચાર અને કચ્છમાં એક હળવો આંચકો નોંધાયો
- વિસાવદરના નાની પિંડાખાદમાં ત્રણ દીપડા સહિત ગીરમાં પાંચ દીપડા પાંજરે પુરાયા
- આદિત્યાણા પાસે કૂવામાંથી મગર મળી આવયું
- ધ્રાંગધ્રામાં ટેન્કરમાંથી કેમિકલ, તેલ ચોરીનું કૌભાંડ પડકાયું
- પાટડીમાંથી ૪૨૪ વિદેશી દારૂની બોટલ સાથે બે શખ્સો ઝડપાયા
- નાસાના એસ્ટ્રોનોટ જહોન એ. મેકરીડ પાટણના મહેમાન બન્યા
- મોડાસામાં આંગણવાડીમાંથી ચોરેલો આટો વેચવાનું કૌભાંડ ઝડપાયું
- કચ્છના બિટ્ટા વલાડિયામાં દૂષિત પાણીથી ૩૫થી વધુ ગ્રામજનોને ઝાડા-ઉલ્ટી
- વાપીમાં પ્રદૂષિત પાણીની ખુલ્લી ચેમ્બરમાં છ વર્ષની બાળા ગરકાવ
- રાજકોટના ઝવેરીઓએ વિરોધ વ્યકત કરવા શાકભાજી વેચી
- રાજકોટમાં આશારામ બાપુના પોસ્ટરો પર કાળો પીંછડો, જૂતાંનો હાર

મારી નજરે (પાના નં. ૪ નું ચાલુ)

આવા સંજોગોમાં સીઓએસ વી.કે. સિંઘ રક્ષામંત્રીને અને વડાપ્રધાનને પત્ર લખીને એમ જણાવે છે કે ચીની સૈન્યે જે વિસ્તરણ કર્યું છે તે સંજોગોમાં ઈશાન ભારતમાં બે નવી આર્મી ડિવિઝનનો મામલો નાણા મંત્રાલયના રેઢિયાળપણાથી અટકી પડે તે ઈચ્છનીય ખરૂં? એક અહેવાલ પ્રમાણે આપણા ચીફ ઑફ ધ આર્મીએ સરકારને અનેકવાર ગંભીર પરિસ્થિતિથી વાકેફ કરી હતી. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં આ તો લિખિત પત્રો છે. જેની પાસે ન્યૂ જનરેશન આર્ટીલરીની ટેક્નોલોજિકલ ઉત્પાદન ક્ષમતા હતી એવી કંપનીઓને મંજૂરી મળી નહીં, રશિયાની ફર્મ પાસેથી ખરીદીમાં ૮૦૦ ટકા ઊંચા દામ રહ્યાં; ૧૯૬૫ નાં યુધ્ધમાં નાદારી દર્શાવતી બૉફોર્સ-એલ, ૪૦-૭૦ નું જ ચલણ થોડા ઘણા સુધાર સાથે રહ્યું જેથી વાયુદળની સજ્જતા પર અસર થઈ; મંત્રાલયે **Rehnmetall** નામની કંપનીને કાળી યાદીમાં મૂકીને પ્રતિબંધિત કરી, તેજ કામિયાબ શસ્ત્રો બનાવવાની નિષ્ણાંત છે!

દુશ્મન દેશોની ખિલાફ ભારતીય સૈન્યની સજ્જતા તો સ્વાતંત્રતા પૂર્વેથી જ જાણીતી છે. પ્રથમ અને બીજા વિશ્વયુધ્ધમાં ભારતીય બહાદુર સૈનિકોનાં ખભે બંદૂક રાખીને જ બ્રિટિશરો વિજેતા નિવડ્યા હતા. સ્વતંત્રતા પછી આપણા સૈન્યે કાશ્મીર, રાજસ્થાન, પંજાબ, પૂર્વ પાકિસ્તાનની સરહદે અસીમિત બહાદૂરી દર્શાવી હતી. ૧૯૬૨માં મેનન - મહેરબાનીથી લશ્કરની પાસે પૂરતા શસ્ત્રો, પહેરવેશ ન હોવા છતાં ચીની લશ્કરની સામે ગઢ બનીને લડતા રહ્યા ત્યારે કવિ પ્રદિપે લખવું પડ્યું કે,

જબ દેશમેંથી દિવાલી, વે ખેલ રહે થે
હોલી... તૂમ ભૂલ ન જાઓ ઉનકો,
ઈસ લિયે કહી યે કહાની!

ભારતીય લશ્કરની આજે - જે વર્ણન થાય છે તેવી - ખરાબ સ્થિતિ માટે કંઈ પાકિસ્તાની કે ચીન જવાબદાર નથી, આપણા નેતાગીરી છે. પત્રકાર - મિત્ર શેખર ગુપ્તા પોતાના લેખોમાં કાયરેય શબ્દપ્રયોગમાં અતિરેક નથી કરતા, તેણેય લખવું પડ્યું કે અરે, આ મિનિસ્ટ્રી ઑફ ડિફેન્સ નથી, મિનિસ્ટ્રી ઑફ ઈનડિફેન્સિલબ છે! તેનો બચાવ થઈ શખે તેમ નથી.

દુનિયામાં ચોથા ક્રમે મોટું લશ્કર આપણું છે. શસ્ત્રોનાં ઉત્પાદનમાં થવાને હજી વાર છે. ત્રણ પ્રકારની 'બૉફોર્સ-ટી-૭૨ ટેંક, બૉફોર્સ ગન, બીએમપી આર્મર્ડ ફાઈટિંગ વાહનો. ઉપરાંત મિગ ૨૧/૨૭/૨૯, મિરાજ-૨૦૦૦, સુ-૩૦, ઈન્ડિયન એરફોર્સનાં જાગુર, જર્મન ટાઈપ ૨૦૯, રશિયન કિલો કલાસ સબમરીન, કાશિન નાશ-હથિયાર, વગેરેનો ભારતીય સૈનિકોએ ભારે સજ્જતાથી ઉપયોગ કર્યો છે.' કારગિલથી કરાંચી સુધી પાકિસ્તાનને ધ્રૂજાવી દે તેવી કામગીરી આ હથિયારોથી જ કરવામાં આવી હતી.

સવાલ બીજો જ છે તે શસ્ત્ર ખરીદીમાં સોદાગરીને કમિશન, કીકબેક કે આપણી ભાષામાં કહીએ તો કટકીનો વ્યાપ થયો છે. બૉફોર્સ અને હોવિત્ઝરનાં ઉદાહરણો છે જ. શસ્ત્રોના વેચાણ-ખરીદીમાં એજન્ટો અબજો રૂપિયા કમાય છે અને તેને માટે જેને જેટલો હિસ્સો આપવો પડે તેની તૈયારી રાખે છે. સરકાર અને સૈન્ય - બંનેમાં નેતૃત્વનો ગુણાત્મક પ્રભાવ જ ખરો ઉપાય છે. સરહદોને સાંચવાનારી શક્તિ સૈન્ય, શાસન અને પ્રજા - ત્રણેમાં પડી છે.

અમી વર્ષા (પાના નં. ૪ નું ચાલુ)

ભગવાન શ્રીરામના પ્રાગટ્ય અંગે તુલસીદાસજીએ જે કારણે આપ્યાં છે. તેમાં જય-વિજય બે દ્વારા પ્રાપ્ત શાપ વશ હિરણ્યક્ષ અને હિરણ્યકશ્યપુ બન્યાં. આમ રાક્ષસોના ત્રાસથી મુક્ત કરવા પ્રભુએ જન્મ ધારણ કર્યો. અને રાવણ, કુંભકર્ણનો નાશ શ્રીરામના હસ્તે થયો.

રાજા દશરથને પુત્ર ન હોવાને કારણએ ઋષ્યશૃંગ ઋષિ પાસે પુત્રેષ્ટી યજ્ઞ કરાવ્યો, આથી યશ નારાયણના પ્રસાદથી મહારાણી કૌશલ્યા, કૈકેયી અને સુમિત્રાને અનુક્રમે રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન પુત્રો પ્રાપ્ત થયા.

સંતશ્રી તુલસીદાસજી વર્ણવે છે કે,

ચોપાઈ :
નૌમિ તિથિ મધુ માસ પુનિતા,
સકલ પર છ અભિજીત હરિપ્રીતા
મધ્ય દિવસ, અતિશીત નાધામા,
પાવત કાલ, લોક બિશ્રામા।

પવિત્ર ચૈત્ર માસ, શુકલ પત્ર, શ્રી હરિનો પ્રિય અભિજીત મુર્હૂત્ અને બપોરનો વખત હતો. દેવો, મુનિઓ, સ્તુતિ કરી પોતાનાં ધામમાં ગયા.

તુલસીદાસજી વર્ણવે છે,

ચોપાઈ :
જગ નિવાસ પ્રભુ પ્રગટે, અખિલ લોક વિશ્રામ॥

લોકોને શાંતિ આપનરા જગતના નિવાસી પ્રભુ પ્રગટ થયા, વર્ણવાયું છે કે,

છંદ :
ભએ પ્રગટ કૃપાલા, દિનદયાલા, કૌશલ્યા હિતકારી
હરષિત મહતારી, મુનિ મનહારી, અદ્‌ભૂત રૂપ વિચારી

પરમાત્મા ચર્તુભુજ સ્વરૂપે હતા. માતા કૌશલ્યાનાં કહેવાથી બાળ સ્વરૂપ બની રૂદન શરૂ કર્યું. આ છે ભકતોને રામ ભગવાન, પછી અનુક્રમે ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન પ્રગટ થયા, મહર્ષિ વશિષ્ઠના આશિર્વાદ મળ્યા.

વિશ્વામિત્ર યજ્ઞનું રક્ષણ કરવા લઈ ગયા. વિદ્યા આપી, પ્રાયોગિક બધું જ જ્ઞાન આપ્યું, ધનુષ્ય બાણ તોડીને સીતા પતિ બન્યા. સીતાજીનું અપહરણ કરનાર રાવણનો નાશ થયો. શ્રી હનુમાનજી, સુગ્રીવે, અંગદ, જાંબવતનો સાથ લઈ રામે, રાવણને હણ્યો. રાવણનો ભાઈ વિભિષણ પણ સત્યને પક્ષે શ્રી રામના ચરણે આવ્યો. રાવણના મૃત્યુ પછી વિભિષણનો લંકાના રાજા તરીકે નિયુક્તિ થઈ. વનમાંથી આવ્યા બાદ શ્રીરામનો સીતાજી સહિત રાજ્યાભિષેક થયો. રામે મર્યાદા પુરૂષોતમ બની સૌને માર્ગ બતાવ્યો. શ્રીરામને આપણા સૌના અંતરમાં બિરાજતા પરમાત્મા શ્રીરામને વંદન છે.